




બનાસકાંઠા જીલ્લામાં છેલ્લા છ દિવસથી ગ્રામીણ વિસ્તારોમાં પોસ્ટ ઓફીસની ટપાલ સેવા ઠપ્પ કરી દેવામાં આવી છે. જીલ્લાનાં દાંતા તાલુકામાં છેલ્લા ૬ થી ૩૦ દિવસ ઉપરાંત ગામોમાં ગ્રામીણ ડાક સેવકોએ આદરેલી અચોક્કસ મુદતની હડતાલનાં પગલેં પોસ્ટ ઓફીસો સુમસામ પડી છે. ત્યારે ટપાલોનાં પણ થેલાં વહેંચ્યાં વગરનાં પડી રહેલાં જોવા મળી રહ્યા છે. ઓલ ઈન્ડિયા ગ્રામીણ ડાક સેવક યુનિયન દિલ્હીનાં આદેશથી ગત ૧૬ ઓગસ્ટે ચોક્કસ મુદતની નોટીસ સરકારમાં અપાઈ હતી. જેનું કોઈ સુખદ નિર્ણય ન આવતાં હડતાલ આજે પણ ચાલુ રખાઈ છે. જોકે આ હડતાલમાં મહત્તમ કાયમી કરવાં, સાતમાં પગારપંચનો લાભ આપવાં તથા કેન્દ્રીય કેટ અને કોર્ટ દ્વારા અપાયેલાં આદેશ મુજબ પેન્શનની માંગ કરાઈ રહી છે.

## ભિલોડા તાલુકાના પાટીયાકુવા ગામ પાસેથી વિદેશી દારૂ પકડાયો

ભિલોડા, તા. ૩૧

ભિલોડા તાલુકાના પાટીયાકુવા ગામ પાસેથી વિદેશી દારૂ પોલીસ દ્વારા બાતમીના આધારે ઝડપાયો છે. ભિલોડા તાલુકાના માર્ગો વિદેશી દારૂની હેરા-ફેરી કરતા બુટલેગરો માટે સ્વર્ગ સમાન પુરવાર થઈ રહ્યા છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.સ.ઈ. એમ.આર. સંઘાડાના જણાવ્યા મુજબ ગત રાત્રે બાતમીના આધારે પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન રાજસ્થાન તરફથી પાસ પરમીટ વગર મારૂતી એસ્ટીમ કાર નં. જીજે.૧.એઆર.માં પરપ્રાંતીય વિદેશી દારૂની હેરાફેરી કરતા બે બુયલેગરે કાર મુકી પલાયન થઈ ગયા હતા. વિદેશી દારૂની પેટી નંગ-૧૭, બોટલ નંગ-૨૦૪, એસ્ટીમ કાર ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. વિદેશી દારૂની કિં. રૂ. ૧,૧૨,૨૦૦ કારની કિં. રૂ. ૧ લાખ કુલ મદ્દામાલની કિં. રૂ. ૨,૧૨,૨૦૦ની કુલ મુદ્દામાલ પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન ઝડપાયો હતો. વિદેશી દારૂની હેરાફેરી કરતા ઈસમો ફરાર થઈ ગયા હતા. ભિલોડા પોલીસે ધારા ધીરણ મુજબ કાર્યવાહી હાથ ધરી છે.



ગણેશ ચતુર્થીનાં તહેવાર માટેની તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે ત્યારે એક તરફ પ્રદુષણ કરનારી પ્લાસ્ટર ઓફ પેરીસની મુર્તીઓ વેંચાતી હોય છે. ત્યાં અંબાજીમાં ઈકોફ્રેન્ડલી ગણપતીજીની મુર્તીઓની બોલબાલાં વધી રહી છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મુર્તીઓ કે જે પાણીમાં પ્રદુષણ ફેલાવનારી સાબીત થઈ છે ને સરકારે પણ કેટલાંક અંશે આવી મુર્તીઓ પર પ્રતિબંધ લદાયો છે. ત્યારે અંબાજી પંથકમાં વેસ્ટમાંથી બેસ્ટ એવી નારીયેળનાં છોતરામાંથી ગણપતીજીની મુર્તીઓ બનાવવામાં આવી રહી છે. એટલું જ નહીં આ વખતે સવિશેષ ૨૦૦ કિલો ચોખાનાં ગણપતીજી બનાવવામાં આવ્યા છે. જ્યારે આ ચોખાની મૃર્તી વિસર્જન કરાશે ત્યારે પાણીમાં રહેતાં જીવોને આ ચોખા ખોરાક સ્વરૂપે પ્રાપ્ત થશે. મુર્તીઓ બજારમાં લાવી તેમને મહીલાઓ વીવીધ સામગ્રીથી શણગાર કરી બજારમાં મુક્તી હોય છે. આ મુર્તીઓ પાંચ ઈંચ થી ૧૫ ફુટ સુધીની બનાવવામાં આવે છે. આ મુર્તીઓ થકી આ વિસ્તારની આદીવાસી મહીલાઓને પણ રોજગારી મળી રહે છે. આ અભણ મહીલાઓ અન્ય નોકરી મળે પણ ગણપતીજીની મુર્તીઓ બનાવી પોતાનું ઘર ગુજરાન ચાલી રહે તેટલી કમાણી કરી લેતી હોય છે.

## અરવલ્લી જિલ્લામાં મા-નર્મદા મહોત્સવની ઉજવણી કરાશે

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લામાં યોજાનાર મા નર્મદા મહોત્સવની ઉજવણીના ભાગરૂપે કલેક્ટરના તા. ૫-૯-૧૭ થી તા. ૧૫-૯-૧૭ દરમ્યાન સમગ્ર જિલ્લાના છ તાલુકાઓમાં યોજાનાર મા નર્મદા મહોત્સવ માટે જરૂરી આયોજન હાથ ધરાયું હતું. જિલ્લા કલેકટરના જણાવ્યા મુજબ ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમના દરવાજા બંધ કરવાની મંજુરી ભારત સરકાર દ્વારા મળી છે. ત્યારે ઉજવણીના ભાગરૂપે અરવલ્લી જિલ્લાના નર્મદા મહોત્સવની ઉમંગભેર ઉજવણી કરવામાં આવનાર છે. આ બેઠકમાં અરવલ્લી જિલ્લાના બાયડ, માલપુર, ધનસુરા, ભિલોડા, મોડાસા અને મેઘરજ તાલુકાઓના ગામડાઓમાં મા નર્મદા મહોત્સવનો રથ પરિભ્રમણ કરશે તેમજ રથની સાથે દસથી બાર સાયકલો જોડાશે. જ્યા રાત્રી રોકાણ થશે. ત્યાં સાંસ્કૃતિક કાર્યક્રમમાં જેમ કે રાસ ગરબા રજુ કરવામાં આવશે.




## કાંકરેજના આકોલી ગામે રામાપીર મંદિર ખાતે નેજો ચઢાવાયો

કાંકરેજ તાલુકાના આકોલી દરબાર ગઢમાં આવેલ રામાપીરના મંદિરે ભાદરવા સુદ-૯ના પાવન દિવસે દર વર્ષની જેમ ધજા(નેજુ) ચઢાવાઈ હતી. જો કે આ પ્રસંગે ગામના સરપંચ અને ભક્તો સહિત મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા હાજર રહિને દર્શન કરી પ્રસાદ આરોગ્યો હતો અને વધુમાં કે ઝાલમોર પીએચસીના વિપુલ પ્રજાપતી દ્વારા સ્વાઈન ફ્લુના ઉકાળાનું વિતરણ કરાયું હતું. આ રામાપીરનું મંદિર વાઘેલા બાબરસિંહ કમાજીના ઘેર આવેલ છે. જ્યાં વર્ષોની પરંપરા મુજબ ધજા ચઢાવાય છે. આમ આકોલી રામાપીર મંદિર ખાતે નેજાના દર્શન કરવા ભારે ભક્તોની ભીડ જોવા મળી હતી.

## ખેડબ્રહ્મા પંચાલ સમાજનું ગૌરવ

ખેડબ્રહ્મા, તા. ૩૧

તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ યુસી માસ પરીક્ષામાં



ભારતભરમાંથી ૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ખેડબ્રહ્માની પંચાલ ક્રિષા ભાવેશભાઈએ ઉત્તમ દેખાવ કરી રાષ્ટ્ર લેવલે પાંચમા ક્રમે તથા રાજ્ય કક્ષાએ ત્રીજા ક્રમે રહી હતી. જેને ખેડબ્રહ્મા શહેર તથા પંચાલ સમાજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# હિંમતનગરમાં ટાઉનહોલના રિનોવેશનની કામગીરીનો આરંભ

### રિનોવેશન બાદ હિંમતનગરને વાતાનુકુલિત ટાઉનહોલ લોકાર્પણ કરાશે

હિંમતનગર, તા. ૩૧

હિંમતનગર શહેરનું એક માત્ર શહેરની વચ્ચે એરકુલ્ડ સગવડવાળુ ડૉ. નલીનકાંત ગાંધી ટાઉનહોલ આગામી થોડા જ મહિનામાં શહેરના નાગરીકોને આધુનિક સુવિધાવાળુ એસી ટાઉનહોલ મળશે. જેનું આજરોજ પાલીકા પ્રમુખ નિલાબેન પટેલની ઉપસ્થિતિમાં રીનોવેશનના કામની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, ઉપપ્રમુખ અનીરૂદ્ધ સોરઠીયા, કારોબારી સમિતિ અધ્યક્ષ અમૃતભાઈ પુરોહિત તેમજ ટાઉનહોલ સમિતિના ચેરમેન પ્રતીક્ષાબેન સોલંકી ઉપસ્થિત રહી કોન્ટ્રાક્ટર સાથે રહી મહારાજે વિધિપૂર્વક રીનોવેશનના કામગીરીની શરૂઆત કરાવેલ. આ હોલમાં આધુનિક સ્ટેજ, સ્ટેજલાઈટીંગ, સાઉન્ડ સીસ્ટમ, ઈલેક્ટ્રીફીકેશન, એકોસ્ટીંગ તેમજ સીટો પણ લેટેસ્ટ હશે. સાથે ચેન્જરૂમ, વોશરૂમ પણ નવીન બનાવવામાં આવશે. સરકારની વિવિધ ગ્રાન્ટની કમ ફાળવવામાં આવી છે. બાકીની રકમ સ્વભંડોળમાંથી લેવામાં આવશે. હોલમાં કુલ સીટીંગ કેપેસીટી ૮૦૦ની રહેશે.



આજના પ્રસંગમાં પાલીકાના વોટર વર્કસ સમિતિના ચેરમેન તથા દંડક રાકેશભાઈ પટેલ, ગટર સમિતિના ચેરમેન મીતેશ શાહ, લાઈટ વિભાગના ચેરમેન સવજીભાઈ ભાટી, દબાણ સમિતિના ચેરમેન રાજુભાઈ દેસાઈ અન્ય સદસ્યો કુંદનબેન દોશી, યતીનબેન મોદી, શહેર સંગઠન મહામંત્રી હર્ષદભાઈ મિસ્ત્રી, વિપક્ષના સદસ્યો ઈશાક શેઠ, ઈમરાન બાદશાહ, નિર્મળાબેન પંચાલ, શૈલેષ ધુવાડ, ઉપપ્રમુખ હેમંત ડોડીયા, જયેશભાઈ વ્યાસ, રાહુલ પટેલ, અર્ચનાબેન સોની, શહેર મહીલા મોરચાના પ્રમુખ રેખાબેન ત્રિવેદી, સુરજભાઈ રાઠોડ, એન્જનીયર્સ મુકેશભાઈ તથા બાંધકામ વિભાગનો સ્ટાફ, તેમજ પાલીકાનો અન્ય સ્ટાફ હાજર રહેલ. આ શહેરની શોભા ટાઉનહોલ શહેરના શ્રેષ્ઠી એન્જીનીયર્સ સી.સી. શેઠના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ છે.

# મોડાસા ખાતે કેરિયર ડેવલપમેન્ટ એકેડેમી દ્વારા સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૩૧

ધી મ.લા. ગાંધી ઉ.કે. મંડળ સંચાલિત PCSS કેરિયર ડેવલપમેન્ટ એકેડેમી દ્વારા સ્પર્ધાત્મર



પરીક્ષા અંગેનો એક સેમિનાર યોજાઈ ગયો. જેમાં કેમ્પસની તમામ કોલેજોના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સેમિનારમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ફ્રી મટેરિયલ આપવામાં આવ્યું હતું. અમદાવાદથી આવેલ મુખ્ય વક્તા પ્રો. પ્રફુલ્લ ગઢવીએ વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરેલા ભા.મા. શાહ હોલમાં પોતાની શૈલીમાં સ્પર્ધાત્મક પરીક્ષા અંગે સરળ શબ્દોમાં માહિતી આપી હતી.

સેમિનારમાં અધ્યક્ષ સ્થાને મંડળના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ શાહ (મામા) ઉપસ્થિત રહ્યા હતા. મંડળના કો-ઓર્ડીનેટર ધીરૂભાઈ પ્રજાપતી તથા કેરિયર ડેવ. એકેડેમીના પ્રભારી મંત્રી જયેશભાઈ દોશી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે કોલેજ કેમ્પસમાં કેરિયર ડેવલપમેન્ટ એકેડેમીના કો-ઓર્ડીનેટર ડૉ. સંતોષ દેવકરના જણાવ્યા અનુસાર PCSS ના વર્ગો ગરીબ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપીને ચલાવવામાં આવશે. તેમજ કેમ્પસ સિવાયના તેમજ અન્ય વિદ્યાર્થીઓ માટે નજીવી ફી સાથે ગુણવત્તાયુક્ત ક્લાસની જોગવાઈ કરવામાં આવી છે. તમામ ફેકલ્ટી અમદાવાદથી આવવાની છે. તેમ પ્રભારીમંત્રી જયેશભાઈ દોશીએ જણાવ્યું હતું. સાથે સાથે કાયમને માટે ફ્રી મટેરીયલ્સ આપવાની જાહેરાત પણ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. વ્રજેશ પંડ્યાએ કર્યુ હતું. વધુ માહિતી માટે ડૉ. સંતોષ દેવકરનો સંપર્ક કરવા જણાવાયું છે.

## અરવલ્લી જિલ્લામાં ૨૦મી સપ્ટેમ્બરથી ગરીબ કલ્યાણ મેળાનો ત્રિદિવસીય કાર્યક્રમ

રાજ્ય સરકાર દ્વારા આગામી તા. ૨૦-૯-૧૭થી તા. ૨૨-૯-૧૭ દરમિયાન ગરીબ કલ્યાણ મેળો યોજાનાર છે. ૨૦૧૭માં દરેક જિલ્લાઓમાં દરિન્દ્રનારાયણના ઘરમાં કલ્યાણનો દીપ પ્રગટાવવા તેમજ છેવાડાના લોકો સુધી સરકારના વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો સ્થળ ઉપરથી જ હાથોહાથ પહોંચાડવાના શુભ આશયથી ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સરકારના શુભ આશયથી ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. ગરીબોના બેલી તેમજ નોધારાના આધાર બનીને તેઓમાં આત્મ વિશ્વાસ પ્રગટાવી તમામ ગરીબ પરિવારો ગરીબોમાંથી ઉપર આવી સ્વનિર્ભર અને તેઓ અભિગમ પ્રયાસ અને પ્રયત્નનો સાકાર કરવા અરવલ્લી જિલ્લામાં પ્રાંત કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

## આજે ગણપત યુનિ.ના આંગણે 'મનકી બાત' પુસ્તકનું લોકાર્પણ અને 'યુવા સંગોષ્ઠિનું વિશિષ્ઠ આયોજન

ગણપત યુનિવર્સિટીની શૈક્ષણિક-યાત્રાના દસ વર્ષ પુરા થવાની ઉજવણી નિમિત્તે બે વર્ષ પહેલા પ્રારંભ પામેલી વિશિષ્ઠ વ્યાખ્યાન શ્રેણીના વધુ એક મણકા રૂપે ૧ સપ્ટેમ્બર, ૧૭ને શુક્રવારના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મનકી બાત આધારીત એ જ નામ - મનકી બાત નામના પુસ્તકનું લોકાર્પણ તેમજ તે પુસ્તક વિશે યુવા સંગોષ્ઠિનું આયોજન થયું છે. ગણપત વિદ્યાનગરના હરિયાળા ઉપવન સમા સંકુલ ખાતે ગણપત યુનિ. ઓડિટોરિયમમાં યોજાયેલા આ મનકી બાત પુસ્તકના લોકાર્પણ તેમજ યુવા સંગોષ્ઠિમાં નિવૃત્ત આઈએએસ અધિકારી અને સુખ્યાત સાહિત્ય સર્જક ભાગ્યેશ જહા, યુવા હૃદયની ધડકન સમા જાણીતા લેખક, ચિંતક અને વક્તા જય વસાવડા તેમજ પ્રતિષ્ઠ આરજે અને ફિલ્મ, ટીવી તેમજ સ્ટેજ આર્ટીસ્ટ આરતી પટેલ ખાસ ઉપસ્થિત રહી યુનિ.ના પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ તેમજ ટ્રસ્ટી મહાનુભાવો સાથે ગોષ્ઠી કરશે.



દાંતા તાલુકામાં પોલીસ દ્વારા આદીવાસી મહીલાને માર મારવાનાં થયેલાં આક્ષેપોનો ઘેરા પ્રત્યાઘાત આજે દાંતા તાલુકા મથકે જોવા મળ્યા છે. આ આદીવાસી મહીલાની માર મારવાની ઘટનાને લઈ ચાર તાલુકાનાં આદીવાસી લોકો એકત્રીત થઈ દાંતા મામલતદારને પોલીસ વિરુધ્ધ એક આવેદનપત્ર આપ્યુ હતુ. જેમાં જેના દ્વારા કૃત્ય ચરાયુ છે તેમને સંસ્પેન્ડ કરવાની માંગ કરાઈ છે અને આ અમાનુસી વ્યવહાર ગણાવ્યો હતો. એટલું જ આજે આવેદનપત્ર આપ્યા બાદ સખ્ત કાર્યવાહી કરવાં માંગ કરાઈ હતી. જો ૧૦ દિવસ માં દાંતા પોલીસ સામે કોઈ કાર્યવાહી નહી કરવામાં આવે તો દાંતા, અમીરગઢ,ખેડબ્રહ્મા અને પોશીનાનાં આદીવાસી લોકો દ્વારા રસ્તા રોકો આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## કડી ખાતે ફિઝીયોથેરાપી કોલેજમાં ગણેશ ઉત્સવની ઉજવણી કરાઈ

એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત શ્રીમતી શાંતાગૌરી રસિકલાલ શાહ (રંગવાલા) કોલેજ ઓફ ફિઝીયોથેરાપી, કડીમાં ૨૫-૮-૧૭ થી ૨૯-૮-૧૭માં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવેલ હતી. કોલેજના ત્રીજા વર્ષમાંથી પટેલ રિધ્ધિ, પટેલ નેહા, વાઘેલા વિનીત, રાણા હિરેન અને ચોથા વર્ષમાંથી ત્રિવેદી ટ્વિન્કલ, પરમાર ધવલ, પટેલ દિક્ષિત, પટેલ મયુરી, કંસારા પાયલ, પટેલ પૂજા, પટેલ રિધ્ધિ, પટેલ પંક્તિ, પટેલ રોશની તેમજ કોલેજના દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજના મંત્રી નલીનભાઈ શાહ, આચાર્ય ડો. હેનાલી પરીખ અને તમામ સ્ટાફ મિત્રોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરુ પાડયું હતું.

## પ્રાંતિજ અંબર્ટો સિરામિક ઈન્ટરનેશનલ કંપનીમાં ગણેશ મહોત્સવની ઉજવણી

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી



રહી છે. ત્યારે પ્રાંતિજના ગળતેશ્વર રોડ ઉપર આવેલ અંબર્ટો સિરામિક કંપનીમાં પણ ચોથા વર્ષે પણ ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાંતિજ નજીક આવેલ અંબર્ટો સિરામીક ઈન્ટરનેશનલ પ્રા.લી.કંપની ખાતે વિધ્નહર્તા ભગવાન ગણેશની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું છે અને સવાર સાંજ દાદાની આરતી ઉતારી વિવિધ ભાવતા ભોજન પ્રસાદ સહિત દાદાની સેવા કરવામાં આવે છે જયારે ગણેશ મહોત્સવને લઈને અંબર્ટો સિરામિક ઈન્ટરનેશનલ કંપની દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગણેશસુતિ, ફિલ્મી ગીતો, એક પાત્ર અભિનય, ગરબા સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતાં. જયારે આ પ્રસંગે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, મેનેજિંગ ડાયરેક્ટર સુધીર કે. મલેશા, હેડ. એચ.આર આર.કે. દાસ, ગળતેશ્વર સરપંચ, ડાૅ. એન.કે. ડેરીયા, ગોસ્વામીભાઈ સહિત કંપનીનો સ્ટાફ અને કામદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જીલ્લાના ઉમેદપુર દધાલીયા ગામે ત્રીજી સપ્ટેમ્બરે મેળો ભરાશે

### ઉમેદપુર દધાલીયા ગામે આવેલા સ્વયંભુ ખંડુજી મહાદેવજીનો ભવ્ય મેળો ભરાશે : સદીઓથી ભાદરવા મહિનાના દર બીજા રવિવારે આ ઉમેદપુર દધાલીયા ગામે આવેલ સ્વયંભુ ખંડુજી મહાદેવજીનો ભવ્ય મેળો ભરાય છે

મોડાસા, તા. ૩૧

લોકોની માનેલી માનતા પૂરી થતી હોવાથી લોકો મોટી સંખ્યામાં આ સ્વયંભુ ખંડુજી મહાદેવજીના મંદિરે દર્શન કરવા માટે આવે છે,

મેળા આપણી સંસ્કૃતિનો એક ભાગ છે. ભારત ભરમાં અલગ અલગ જગ્યાએ પરંપરા મુજબ અને વર્ષોથી મેળા ભરાય છે. ગુજરાતમાં પણ દરેક જીલ્લાઓમાં મેળા ઉજવાય છે.

અવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ઉમેદપુર-દધાલીયા ગામે સદીઓથી ભાદરવા મહિનાના દર બીજા રવિવારે આ ઉમેદપુર દધાલીયા ગામે આવેલ સ્વયંભુ ખંડુજી મહાદેવજીનો ભવ્ય મેળો ભરાય છે લોકોની માનેલી માનતા પૂરી થતી હોવાથી લોકો મોટી સંખ્યામાં આ સ્વયંભુ ખંડુજી મહાદેવજીના મંદિરે દર્શન કરવા માટે આવે છે ઉમેદપુર દધાલીયા ગામે આવેલ સ્વયંભુ ખંડુજી મહાદેવજીનો મેળો આ વર્ષે ૩ સેપ્ટમબરે ભરાશે. જેમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાંથી લોકો મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે. ગામ લોકો ધ્વારા આવેલા લોકો માટે ચા નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સ્વયંભુ ખંડુજી મહાદેવજી ભગવાનના આ મેળામાં લોકો ભગવાનના દર્શન કરવા માટે ઉમટી પડશે. સાથે ભજન અને ડાયરા નું પણ આયોજન કરવામાં આવ્યું છે. લોકો મોટી સંખ્યામાં મેળાની મજા માણશે. બાળકો વડીલો સહુ આ મેળામાં આવી ખંડુંજી ના દર્શન કરી ધન્યતા અનુભવશે.

## પ્રાંતિજના કાટવાડ પાસે આઈસરમાંથી પડી જતાં એકનું ઘટનાસ્થળે મોત

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપરથી પસાર થતી આઈસરના પાછળ ભાગે બસેલ ઈસમ આઈસરમાંથી પડી જતાં ઈસમનું ઘટનાસ્થળે મોત થયું હતું.

પ્રાંતિજના કાટવાડ પાસેથી અમદાવાદ તરફ જતી આઈસર નંબર જીજે.૨૪.યુ.૨૩૩૯નો ચાલક બેદરકારી ગફલતભરી રીતે હંકારી જઈ રહ્યો હતો તે સમયે આઈસરની અચાનક બ્રેક મારતાં આઈસરની પાછળના ભાગે સેન્ટીંગની પ્લેટો ઉપર બેઠેલ મોહનભાઈ હરસીતભાઈ કટારા રહે. અમદાવાદ તેવો રોડ ઉપર પડી ગયાં હતાં અને તેવોને માથાનાં ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેવોનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું.

જયારે ઘટના બાદ આઈસર ચાલક આઈસર મુકીને ભાગી ગયો હતો જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને દલાભાઈ કટારા રહે. અમદાવાદ દ્વારા પોલીસને જાણ કરતા પોલીસે આઈસર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.